# દ.ગુ.માં શેરડીના ભાવ જાહેર, ખેડૂતોમાં નારાજગી







## ગણદેવી સુગર રૂ.3727 સાથે ભાવની રેસમાં મોખરે, કામરેજ સુગરનો ગણદેવી સુગરથી ભાવ માત્ર બે રૂપિયા ઓછો, બારડોલી સુગરને ત્રીજા નંબરે ધકેલી

બારડોલી, અંત્રોલીઃ બારડોલી સહિત દક્ષિણ ગુજરાતની સુગર ફેક્ટરીઓએ ખેડૂત સભાસદો માટે આખરના ભાવની જાહેરાત કરી હતી. સૌથી પહેલા બારડોલી સુગર ફેક્ટરીએ 3672 રૂપિયા પ્રતિ ટનનો ભાવ જાહેર કર્યો હતો. બાદ એક પછી એક સુગર મિલોના ભાવ આવવા લાગ્યા હતા. જો કે, ખેડૂતોમાં ભાવને લઈને ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે. ગણદેવી સુગર ફેક્ટરીએ સૌથી વધુ 3727 રૂપિયા ભાવ પાડ્યા હતા. આ વખતે કામરેજ સુગર ફેક્ટરીએ 3725 રૂપિયાનો ભાવ જાહેર કરી બારડોલી સુગર ફેક્ટરીને પણ પાછળ છોડી રેકોર્ડ કર્યો હતો. નાણાકીય વર્ષ 2025-26ના અંતિમ દિવસે શેરડીના ભાવ નક્કી થવાના હોવાથી સુરત જિલ્લા સહિત દક્ષિણ ગુજરાતના ખેડૂતો આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા. ગત વર્ષે બારડોલી સુગર ફેક્ટરી દ્વારા 3502 રૂપિયા પ્રતિ ટનનો ભાવ આપવામાં આવ્યો હતો, જેની સામે આ વર્ષે માત્ર 3672 રૂપિયાનો ભાવ જાહેર કરાતાં ખેડૂતોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે. ખેડૂતોને મોંઘવારી અને ઉત્પાદન ખર્ચમાં થયેલા વધારાને ધ્યાનમાં રાખીને વધુ સારા ભાવની અપેક્ષા હતી.

બારડોલી અને મઢી સુગર ફેક્ટરીના ડિરેક્ટરોની બેઠકમાં મોડે સુધી ચાલેલી ચર્ચા બાદ ભાવો જાહેર કરવામાં આવ્યા હતા. એશિયાની સૌથી મોટી સહકારી ક્ષેત્રની સુગર ફેક્ટરી ગણાતી બારડોલી સુગર ફેક્ટરીએ સૌથી પહેલા ભાવની જાહેરાત કરી હતી. ફેક્ટરી દ્વારા ઓક્ટોબરથી જાન્યુઆરી સુધી 3672 રૂપિયા, ફેબ્રુઆરીમાં 3772 રૂપિયા, માર્ચમાં 3872 રૂપિયા રૂપિયાનો ભાવ નક્કી કરવામાં આવ્યો છે. જ્યારે 22 રૂપિયા કપાત રહેશે. એટલું જ નહીં સાયણ સુગર મિલે પણ બારડોલી સુગર ફેક્ટરીની નજીક જ ભાવ આપતાં બારડોલીના સભાસદોમાં રોષ જોવા મળી રહ્યો છે. જ્યારે મઢી સુગર ફેક્ટરીએ ગત વર્ષની સરખામણીએ 160 રૂપિયાનો વધારો કરીને 3511 રૂપિયા પ્રતિ ટનનો ભાવ જાહેર કર્યો છે. ફેબ્રુઆરીમાં આ ભાવ 3611 રૂપિયા રહેશે, જ્યારે 11 રૂપિયાની કપાત પણ જાહેર કરવામાં આવી છે. આમ, બંને સુગર ફેક્ટરીઓ દ્વારા કરવામાં આવેલો નજીવો ભાવવધારો ખેડૂતોને નિરાશ કરનારો સાબિત થયો છે.

સૌથી મોટો અપસેટ કામરેજ સુગર ફેક્ટરીએ સર્જ્યો હતો. કામરેજ સુગર ફેક્ટરીએ ગણદેવીથી માત્ર બે રૂપિયા ઓછા આપી બારડોલી સુગર ફેક્ટરીને પાછળ છોડી દીધી હતી. અને વર્ષોથી ભાવના મામલે બીજા નંબર પર રહેલી એશિયાની સૌથી મોટી ગણાતી બારડોલી સુગર ફેક્ટરીને ત્રીજા નંબર ધકેલી દીધી હતી.

### સુગર ફેક્ટરીના ભાવ

| | ઓક્ટો. થી જાન્યુ. | ફેબ્રુ. | માર્ચ | કપાત |
|---|---|---|---|---|
| ગણદેવી | 3727 | 3827 | 3927 | 21 |
| બારડોલી | 3672 | 3772 | 3872 | 22 |
| ચલથાણ | 3406 | 3506 | - | 56 |
| મઢી | 3511 | 3611 | - | 21 |
| મહુવા | 3100 | 3100 | - | 11 |
| કામરેજ | 3725 | 3825 | 3925 | 28 |
| સાયણ | 3656 | 3781 | 3831 | 06 |

### ગત વર્ષ કરતાં ભાવ તફાવત

| સુગર ફેક્ટરી | 2024-25 | 2025-26 | તફાવત |
|---|---|---|---|
| ગણદેવી | 3551 | 3727 | +176 |
| બારડોલી | 3502 | 3672 | +170 |
| ચલથાણ | 3176 | 3406 | +230 |
| મઢી | 3351 | 3511 | +160 |
| મહુવા | 3271 | 3100 | -171 |
| કામરેજ | 3481 | 3725 | +244 |
| સાયણ | 3416 | 3656 | +240 |

### નીચા ભાવથી મહુવા સુગર સામે સભાસદોમાં અસંતોષ

અનાવલઃ મહુવા સુગર ફેક્ટરી દ્વારા વર્ષ 2025-26 માટે શેરડીનો અંતિમ ભાવ ટન દીઠ રૂ.3101 જાહેર કરવામાં આવ્યો હતો, જેના પગલે ખેડૂત સભાસદોમાં ભારે અસંતોષ ફેલાયો છે. ખેડૂતોની નિરાશાનું મુખ્ય કારણ ભાવમાં થયેલો નોંધપાત્ર ઘટાડો છે. ગત વર્ષની સરખામણીએ આ વર્ષે રૂ. 170 ઓછો ભાવ જાહેર કરવામાં આવતાં ખેડૂતોની આવક પર સીધી અસર પડી છે. એક તરફ ખાતર, બિયારણ અને મજૂરીના ખર્ચમાં સતત વધારો થઈ રહ્યો છે, ત્યારે બીજી તરફ ભાવમાં ઘટાડો થતાં ખેડૂતોની આર્થિક પરિસ્થિતિ પર દબાણ વધ્યું છે. ખેડૂતોનો આક્ષેપ છે કે ફેક્ટરીના વહીવટમાં ખામીઓના કારણે આર્થિક નુકસાન સહન કરવું પડી રહ્યું છે. ભાવ જાહેર થતા જ સોશિયલ મીડિયા તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં ફેક્ટરીના સંચાલન સામે પ્રશ્નો ઊઠવા લાગ્યા છે.

### ધારીખેડા સુગર ફેક્ટરીમાં રૂ.3675નો ભાવ પડ્યો, પંડવાઈ અને ગણેશ સુગરના ભાવ હજુ બાકી

ભરૂચઃ ધારીખેડા સુગરે મંગળવારે શેરડીના પ્રતિ ટન રૂ.3675ના ભાવ જાહેર કરતાં શેરડી ઉત્પાદકોમાં ખુશી જોવા મળી રહી છે. ફેક્ટરીના ચેરમેન ઘનશ્યામભાઈ પટેલે ખેડૂતોને આર્થિક રીતે મજબૂત બનાવવાના ઉદ્દેશ સાથે ઓક્ટોબરથી ફેબ્રુઆરી દરમિયાન રૂ.3675, માર્ચ માસમાં રૂ.3700 અને એપ્રિલમાં રૂ.3725 પ્રતિ ટનનો ભાવ નિર્ધારિત કર્યો છે. કંપનીએ માત્ર રૂ.40 પ્રતિ ટન જ કપાત રાખી છે. પંડવાઈ સુગર ફેક્ટરીના ચેરમેન અને રાજ્યના પાણી પુરવઠા મંત્રી ઈશ્વરસિંહ પટેલ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ગુજરાત પ્રવાસ અને તેમના વિભાગ સાથે સંકળાયેલા સરકારી કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવાના કારણે ભાવ જાહેર કરી શક્યા ન હતા. ફેક્ટરી સૂત્રોએ જણાવ્યું કે, ટૂંક સમયમાં ભાવ જાહેર કરવામાં આવશે. ગણેશ સુગર ફેક્ટરી દ્વારા પણ હજુ ભાવ જાહેર કરવામાં આવ્યો નથી. આમ, ધારીખેડા સુગર ફેક્ટરી દ્વારા ભાવ જાહેર થતાં ખેડૂતોમાં આર્થિક રાહતની લાગણી વ્યાપી ગઈ છે, જ્યારે અન્ય બે ફેક્ટરીના ભાવની રાહ જોવાઈ રહી છે.

### સાયણ સુગર ફેક્ટરીએ શેરડીનો પ્રથમ ભાવ પ્રતિ ટન દીઠ રૂ.૩,૬૫૬ પાડતાં ખેડૂતોમાં આનંદ

સાયણઃ સાયણ સુગરના પ્રમુખ રાકેશ પટેલે શેરડીનો ભાવ જાહેર કરતા કહ્યું હતું કે, ગત વર્ષની સરખામણીમાં અમે ચાલુ વર્ષે શેરડીના ઓછા ઉત્પાદન અને વધુ ક્રસિંગ ખર્ચ વચ્ચે રૂ.૨૪૦ વધુ ભાવ પાડ્યો છે. તેમણે વધુ કહ્યું હતું કે, ગત વર્ષે શેરડી પિલાણની સરેરાશ રિકવરી ૧૦.૫૧ હતી અને ચાલુ વર્ષ ૧૦.૯૮ રહી છે. અમારી બોર્ડે ખાંડ વેચાણના સારા બજાર ભાવ, ગોડાઉનમાં જમા ખાંડની સ્ટોક વેલ્યુ રૂ.૩,૭૦૦, મોલાસીસ, બગાસ, પ્રેસમડ, ડિસ્ટિલરી વગેરેના વેચાણની આવક અને સુગરના વિવિધ વહીવટી ખર્ચની બેલેન્સ સીટ સહિત વધુ પડતી બળેલી શેરડીના પિલાણને ધ્યાનમાં લઈ અમારી બોર્ડે ઓક્ટોબરથી જાન્યુઆરી માસ દરમ્યાન થયેલી શેરડી કાપણીનો પ્રથમ ભાવ રૂ.૩,૬૫૬, ફેબ્રુઆરીનો રૂ.૩,૭૮૧ અને માર્ચનો અંતિમ ભાવ રૂ.૩,૮૩૧ જાહેર કર્યો છે.

### બારડોલી સુગર ફેક્ટરીમાં નેતૃત્વના પરિવર્તન સાથે જ આર્થિક પડતીની ચર્ચાઃ ખેડૂતોમાં રોષ

બારડોલીઃ બારડોલી સુગર ફેક્ટરીના પૂર્વ પ્રમુખ રમણલાલ પટેલ (રમણ કાકા)ના અવસાન બાદ સંસ્થાની પડતી શરૂ થઈ હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે. સોશિયલ મીડિયા પર ખેડૂતો અને સભાસદો એવી ટિપ્પણીઓ કરી રહ્યા છે કે સહકારી ક્ષેત્રમાં રમણ કાકાની ખોટ હવે વર્તાઈ રહી છે. એક સમય એવો હતો જ્યારે કોઈપણ આડપેદાશના ઉત્પાદન વગર બારડોલી સુગર સમગ્ર રાજ્યમાં બીજા ક્રમે સૌથી વધુ ભાવ આપતી હતી. જોકે, હાલની સ્થિતિ તદ્દન વિપરીત જોવા મળી રહી છે. સંસ્થાએ આર્થિક સધ્ધરતા વધારવા માટે કરોડોના ખર્ચે કો-જનરેશન પ્લાન્ટ શરૂ કર્યો હતો. જેથી વીજળી જેવી આડપેદાશો દ્વારા ખેડૂતોને વધુ પોષણક્ષમ ભાવ મળી રહે. પરંતુ આટલા આધુનિક સંસાધનો છતાં બારડોલી સુગરને કામરેજ સુગરે ભાવની બાબતમાં માત આપી છે. નવી સુવિધાઓ છતાં ખેડૂતોને અપેક્ષા મુજબના ભાવ ન મળતાં સભાસદોમાં ભારે નારાજગી અને રોષ જોવા મળી રહ્યો છે. આ પરિસ્થિતિને પગલે સહકારી આલમમાં એવી ચર્ચા વ્યાપી છે કે મજબૂત નેતૃત્વના અભાવે એશિયાની નામાંકિત સુગર ફેક્ટરી હવે સંઘર્ષ કરી રહી છે.

### વલસાડ સુગરે રૂપિયા 3100નો ભાવ પાડ્યો

વલસાડ : દક્ષિણ ગુજરાતની વિવિધ સુગર ફેક્ટરીઓના ભાવ આજરોજ પડ્યા છે. જોકે, વલસાડ સુગર (ઇન્ડિયન પોટાશ) એ તેનો ભાવ રૂપિયા 3 હજાર પાડ્યો હતો. ત્યારબાદ ભાવ વધીને રૂપિયા 3100 થયો હતો. આ ભાવ હપ્તાનો નહી, પરંતુ રોકડાનો હોવાનું જાણવા મળ્યું છે. વલસાડ સુગરના સૂત્રોએ જણાવ્યું કે, ઇન્ડિયન પોટાશ અંતર્ગત લેવાયેલી સુગર ફેક્ટરીમાં રોકડા રૂપિયા 3 હજારનો ભાવ પાડવામાં આવ્યો હતો. આ ભાવ ડિસેમ્બર 2025 સુધીનો જ હતો. જોકે, જાન્યુઆરીથી આ ભાવ વધીને રૂપિયા 3100 થઇ ગયો છે.

### કામરેજ સુગરે આ વેળા ટક્કર આપી

કામરેજઃ કામરેજ સુગરે અન્ય સુગરોની સરખામણીમાં ઇતિહાસમાં સૌપ્રથવાર ઓક્ટોબરથી જાન્યુઆરીના રૂ.3725, ફેબ્રુઆરીના રૂ.3825 અને માર્ચના રૂ.3925 તેમજ રૂ.25 કપાત કરી સૌથી વધુ પોષણક્ષમ ભાવવધારો જાહેર કર્યા બાદ સંસ્થાના ચેરમેન અશ્વિન પટેલ(દાઢી)એ જણાવ્યું હતું કે, જે ભાવ પડ્યા છે એ હું મારા સાથી બોર્ડ ડિરેક્ટરો, અધિકારીઓ, કર્મચારીઓ, ખેડૂત સભાસદોના આશીર્વાદ, સહકારના પગલે શક્ય બન્યા છે.

# ઉધનાથી સુબેદારગંજ, આગ્રાની સ્પે. ટ્રેનોની ટ્રિપ વધી

સુરત : ઉનાળાના વેકેશનમાં વતન જતાં મુસાફરોનો ધસારો જોતા પશ્ચિમ રેલવેએ ઉધનાથી સુબેદારગંજ અને આગ્રા કેન્ટ વચ્ચે દોડતી સમર સ્પેશિયલ ટ્રેનોના ફેરા લંબાવવાની જાહેરાત કરી છે. પશ્ચિમ રેલવેના જનસંપર્ક અધિકારી અનુભવ સક્સેનાએ માહિતી આપતા જણાવ્યું હતું કે, ટ્રેન ઉધના-સુબેદાર ગંજ સ્પેશિયલની મુદત લંબાવીને કુલ 60 ટ્રીપ્સ કરવામાં આવી છે. હવે 3 એપ્રિલ થી 14 જુલાઈ, 2026 સુધી દોડશે, જ્યારે સુબેદાર ગંજથી પરત આવતી ટ્રેન 2 એપ્રિલથી 13 જુલાઈ સુધી કાર્યરત રહેશે. ઉધના-આગ્રા કેન્ટ સાપ્તાહિક સ્પેશિયલ ની પણ 30 ટ્રીપ્સ લંબાવવામાં આવી છે. જે હવે 8 એપ્રિલથી 15 જુલાઈ, 2026 સુધી દોડશે, જ્યારે વળતી ટ્રેન આગ્રા કેન્ટથી 7 એપ્રિલથી 14 જુલાઈ સુધી ચલાવવામાં આવશે. સુબેદારગંજ સ્પેશિયલ માટે બુકિંગ હાલમાં શરૂ છે, જ્યારે આગ્રા કેન્ટ સ્પેશિયલ માટેનું બુકિંગ 1 એપ્રિલથી તમામ PRS કાઉન્ટરો અને IRCTCની વેબસાઈટ પરથી કરી શકાશે.

# મનપા, જિ.પં., તા.પં.ની ચૂંટણી માટે અધિકારી નિમાયા

**પાલિકાના** 30 વોર્ડ 120 બેઠક, જિલ્લા પંચાયતની 36 બેઠક અને 11 તાલુકા પંચાયતની 240 બેઠક માટે ચૂંટણી અધિકારી નિમાયા

સુરતઃ સુરત મહાનગરપાલિકાના કુલ 30 વોર્ડ અને 120 બેઠક માટે વિવિધ નાયબ કલેક્ટર તથા અન્ય અધિકારીઓને ચૂંટણી અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. દરેક અધિકારીને 3-3 વોર્ડની જવાબદારી સોંપવામાં આવી છે. નગરપાલિકા સામાન્ય ચૂંટણી માટે પણ વિવિધ શહેરોમાં ચૂંટણી અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે.

જિલ્લા પંચાયતની 36 બેઠકો અને 11 તાલુકા પંચાયતની કુલ 240 બેઠક માટે પણ ચૂંટણી પ્રક્રિયા હાથ ધરાશે. આ માટે જિલ્લા સ્તરે આયોજન પૂર્ણ કરી અધિકારીઓને જવાબદારી સોંપવામાં આવી છે. સુરતમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણીને લઈ તંત્ર સજ્જ બન્યું છે.

### મનપા માટેની મુખ્ય નિમણૂકો

વોર્ડ નં. 2, 7, 8 - નાયબ કલેક્ટર (સીટી પ્રાંત ઉત્તર)
વોર્ડ નં. 3, 5, 6 - ખાસ જમીન સંપાદન અધિકારી
વોર્ડ નં. 10, 23, 30 - નાયબ કલેક્ટર (સુડા)
વોર્ડ નં. 14, 16, 17 - નાયબ કલેક્ટર (પ્રોટોકોલ)
વોર્ડ નં. 19, 26, 27 - નાયબ કલેક્ટર (સીટી પ્રાંત દક્ષિણ)
વોર્ડ નં. 4, 15, 18 - જિલ્લા પુરવઠા અધિકારી
વોર્ડ નં. 1, 9, 11 - નાયબ કલેક્ટર (સ્ટેમ્પ ડ્યૂટી વિભાગ-2)
વોર્ડ નં. 21, 22, 29 - નાયબ કલેક્ટર (જમીન સુધારણા)
વોર્ડ નં. 12, 13, 20 - નાયબ કલેક્ટર (સ્ટેમ્પ ડ્યૂટી વિભાગ-1)
વોર્ડ નં. 24, 25, 28 - નાયબ જિલ્લા વિકાસ અધિકારી (પંચાયત)

### નગરપાલિકા ચૂંટણી માટે અધિકારીઓ

બારડોલી - નાયબ કલેક્ટર (બારડોલી પ્રાંત)
કડોદરા - નાયબ કલેક્ટર (કામરેજ પ્રાંત)
માંડવી - નાયબ જિલ્લા વિકાસ અધિકારી (મહેસુલ)
તરસાડી - ચીફ ઓફિસર વર્ગ-1

**ત્રીજી પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલિ**



જ્યાં સમય તિરછો થયો ત્યાંથી યાદો નીકળે છે.
ત્રણ વર્ષ થયા છતાં તમારું સ્થાન હૃદયમાં અડગ છે.
આજના પવિત્ર દિવસે આપને શ્રદ્ધાંજલિ.

**સ્વ. કિરણભાઈ**
ઝીણાભાઈ પટેલ
સ્વ. તા. ૧/૪/૨૦૨૩

લિ.
સુધીરભાઈ ઝીણાભાઈ પટેલ
રોનક કિરણભાઈ પટેલ
કલ્પનાબેન કિરણભાઈ પટેલ
ઉષ્મા શૈતુલ પટેલ
શૈતુલ શૈલેષભાઈ પટેલ
ઉષાબેન બાબુભાઈ પટેલ
કુસુમબેન ઝીણાભાઈ પટેલ


THIS IS A PUBLIC ANNOUNCEMENT FOR INFORMATION PURPOSES ONLY AND IS NOT A PROSPECTUS ANNOUNCEMENT AND DOES NOT CONSTITUTE AN INVITATION OR OFFER TO ACQUIRE, PURCHASE OR SUBSCRIBE TO SECURITIES UNDER THE SECURITIES AND EXCHANGE BOARD OF INDIA (ISSUE OF CAPITAL AND DISCLOSURE REQUIREMENTS) REGULATIONS, 2018, AS AMENDED (**"SEBI ICDR REGULATIONS"**). INITIAL PUBLIC OFFERING OF EQUITY SHARES ON THE MAIN BOARD OF BSE LIMITED (**"BSE"**) AND THE NATIONAL STOCK EXCHANGE OF INDIA LIMITED (**"NSE"**) (TOGETHER, THE **"STOCK EXCHANGES"**) IN COMPLIANCE WITH CHAPTER II OF THE SEBI ICDR REGULATIONS. NOT FOR RELEASE, PUBLICATION OR DISTRIBUTION DIRECTLY OR INDIRECTLY OUTSIDE INDIA.

## PUBLIC ANNOUNCEMENT

(Please scan this QR code to view the Draft Red Herring Prospectus and Draft Abridged Prospectus)

COSMIC
Solar For A Better Future

## COSMIC PV POWER LIMITED

Our Company was incorporated as *"Cosmic PV Power Private Limited"*, a private limited company under the Companies Act, 2013, pursuant to a certificate of incorporation dated September 1, 2020, issued by the Registrar of Companies, Central Registration Centre. The name of the Company was thereafter changed to *"Cosmic PV Power Limited"* upon conversion to a public limited company pursuant to the Board resolution dated August 1, 2025, and a special resolution passed in the extraordinary general meeting of the Shareholders dated August 27, 2025, and consequently a fresh certificate of incorporation dated September 11, 2025, was issued by the Registrar of Companies, Central Processing Centre to reflect the change in name. For details of changes in the registered office of our Company, see ***"History and Certain Corporate Matters - Changes in the registered office of our Company"*** beginning on page 234 of the draft red herring prospectus dated March 30, 2026 (**"DRHP"**).

**Registered and Corporate Office:** E-11, First Floor, Ghael Compound, Nr. Laxminarayan Temple BRTS, Udhna-394 210, Surat, Gujarat, India;
**Contact Person:** Masarm Shrikanth, Company Secretary and Compliance Officer; **Telephone:** +91 85116 18802;
**E-mail:** compliance@cosmicpvpower.com; **Website:** www.cosmicpvpower.com; **Corporate Identity Number:** U31909GJ2020PLC116052

**THE PROMOTERS OF OUR COMPANY: JENISHKUMAR DEEPAKKUMAR GHAEL, SHRAVAN KUMAR GUPTA, SURABHI SURESHCHANDRA SAHU AND MAITRY JENISHKUMAR GHAEL**

**INITIAL PUBLIC OFFER OF UP TO [●] EQUITY SHARES OF FACE VALUE OF ₹10 EACH ("EQUITY SHARES") OF COSMIC PV POWER LIMITED ("COMPANY") FOR CASH AT A PRICE OF [●] PER EQUITY SHARE (INCLUDING A SHARE PREMIUM OF [●] PER EQUITY SHARE) ("OFFER PRICE") AGGREGATING UP TO ₹ 6,400.00 MILLION ("OFFER") COMPRISING A FRESH ISSUE OF UP TO [●] EQUITY SHARES OF FACE VALUE OF ₹10 EACH AGGREGATING UP TO ₹5,400.00 MILLION BY OUR COMPANY ("FRESH ISSUE") AND AN OFFER FOR SALE OF UP TO [●] EQUITY SHARES OF FACE VALUE OF ₹10 EACH ("OFFERED SHARES") AGGREGATING UP TO ₹1,000.00 MILLION ("OFFER FOR SALE") COMPRISING UP TO [●] EQUITY SHARES OF FACE VALUE OF ₹ 10 EACH AGGREGATING UP TO ₹ 200.00 MILLION BY JENISHKUMAR DEEPAKKUMAR GHAEL, UP TO [●] EQUITY SHARES OF FACE VALUE OF ₹ 10 EACH AGGREGATING UP TO ₹200.00 MILLION BY SHRAVAN KUMAR GUPTA, UP TO [●] EQUITY SHARES OF FACE VALUE OF ₹ 10 EACH AGGREGATING UP TO ₹ 200.00 MILLION BY SURABHI SURESHCHANDRA SAHU, AND UP TO [●] EQUITY SHARES OF FACE VALUE OF ₹ 10 EACH AGGREGATING UP TO ₹ 200.00 MILLION BY MAITRY JENISHKUMAR GHAEL ("PROMOTER SELLING SHAREHOLDERS"), COMPRISING UP TO [●] EQUITY SHARES OF FACE VALUE OF ₹ 10 EACH AGGREGATING UP TO ₹ 32.22 MILLION BY CHANAKYA OPPORTUNITIES FUND I ("INVESTOR SELLING SHAREHOLDER"), COMPRISING UP TO [●] EQUITY SHARES OF FACE VALUE OF ₹ 10 EACH AGGREGATING UP TO ₹ 93.90 MILLION BY RPV HOLDINGS PRIVATE LIMITED, UP TO [●] EQUITY SHARES OF FACE VALUE OF ₹ 10 EACH AGGREGATING UP TO ₹ 7.83 MILLION BY SHUBHALAKSHMI POLYESTERS LIMITED AND UP TO [●] EQUITY SHARES OF FACE VALUE OF ₹ 10 EACH AGGREGATING UP TO ₹ 3.45 MILLION BY NIRWANA GROWTH LLP ("CORPORATE SELLING SHAREHOLDERS"), AND COMPRISING UP TO [●] EQUITY SHARES OF FACE VALUE OF ₹ 10 EACH AGGREGATING UP TO ₹ 35.21 MILLION BY REINA RAMESH JAISINGHANI, UP TO [●] EQUITY SHARES OF FACE VALUE OF ₹ 10 EACH AGGREGATING UP TO ₹ 9.78 MILLION BY YOGESH CHAUDHARY, UP TO [●] EQUITY SHARES OF FACE VALUE OF ₹ 10 EACH AGGREGATING UP TO ₹ 7.83 MILLION BY ASHISH MANGAL, UP TO [●] EQUITY SHARES OF FACE VALUE OF ₹ 10 EACH AGGREGATING UP TO ₹ 5.87 MILLION BY VIVEK LODHA, AND UP TO [●] EQUITY SHARES OF FACE VALUE OF ₹ 10 EACH AGGREGATING UP TO ₹ 3.91 MILLION BY VEDANT LOYALKA ("OTHER INDIVIDUAL SELLING SHAREHOLDERS") (COLLECTIVELY, THE "PROMOTER SELLING SHAREHOLDERS", "INVESTOR SELLING SHAREHOLDER", "CORPORATE SELLING SHAREHOLDERS" AND "OTHER INDIVIDUAL SELLING SHAREHOLDERS" REFERRED TO AS THE "SELLING SHAREHOLDERS", AND SUCH EQUITY SHARES, "THE OFFERED SHARES"). THE OFFER SHALL CONSTITUTE [●]% OF THE POST-OFFER PAID-UP EQUITY SHARE CAPITAL OF OUR COMPANY.**

**OUR COMPANY, IN CONSULTATION WITH THE BRLMS, MAY CONSIDER A PRE-IPO PLACEMENT OF SPECIFIED SECURITIES AGGREGATING UP TO ₹ 1,080.00 MILLION, AS MAY BE PERMITTED UNDER THE APPLICABLE LAW, AT ITS DISCRETION, PRIOR TO FILING OF THE RED HERRING PROSPECTUS WITH THE ROC. THE PRE-IPO PLACEMENT, IF UNDERTAKEN, WILL BE AT A PRICE TO BE DECIDED BY OUR COMPANY, IN CONSULTATION WITH THE BRLMS. IF THE PRE-IPO PLACEMENT IS COMPLETED, THE AMOUNT RAISED PURSUANT TO THE PRE-IPO PLACEMENT WILL BE REDUCED FROM THE FRESH ISSUE, SUBJECT TO COMPLIANCE WITH RULE 19(2)(B) OF THE SCRR. THE PRE-IPO PLACEMENT, IF UNDERTAKEN, SHALL NOT EXCEED 20% OF THE SIZE OF THE FRESH ISSUE. PRIOR TO THE COMPLETION OF THE OFFER, OUR COMPANY SHALL APPROPRIATELY INTIMATE THE SUBSCRIBERS TO THE PRE-IPO PLACEMENT, PRIOR TO ALLOTMENT PURSUANT TO THE PRE-IPO PLACEMENT, THAT THERE IS NO GUARANTEE THAT OUR COMPANY MAY PROCEED WITH THE OFFER OR THE OFFER MAY BE SUCCESSFUL AND WILL RESULT INTO LISTING OF THE EQUITY SHARES ON THE STOCK EXCHANGES. FURTHER, RELEVANT DISCLOSURES IN RELATION TO SUCH INTIMATION TO THE SUBSCRIBERS TO THE PRE-IPO PLACEMENT (IF UNDERTAKEN) SHALL BE APPROPRIATELY MADE IN THE RELEVANT SECTIONS OF THE RED HERRING PROSPECTUS AND THE PROSPECTUS. THE FACE VALUE OF EQUITY SHARES IS ₹10 EACH. THE ISSUE PRICE IS [●] TIMES THE FACE VALUE OF THE EQUITY SHARES. OUR COMPANY SHALL REPORT ANY PRE-IPO PLACEMENT TO THE STOCK EXCHANGES, WITHIN 24 HOURS OF SUCH PRE-IPO PLACEMENT (IN PART OR IN ENTIRETY).**

**THE FACE VALUE OF EQUITY SHARES IS ₹ 10 EACH. THE OFFER PRICE IS [●] TIMES THE FACE VALUE OF EQUITY SHARES. THE PRICE BAND AND THE MINIMUM BID LOT WILL BE DECIDED BY OUR COMPANY, IN CONSULTATION WITH THE BRLMS, AND WILL BE ADVERTISED IN ALL EDITIONS OF [●], THE ENGLISH NATIONAL DAILY NEWSPAPER, ALL EDITIONS OF [●], THE HINDI NATIONAL DAILY NEWSPAPER, AND [●], A GUJARATI DAILY NEWSPAPER (GUJARATI BEING THE REGIONAL LANGUAGE OF GUJARAT, WHERE OUR REGISTERED OFFICE IS LOCATED), EACH WITH WIDE CIRCULATION, AT LEAST TWO WORKING DAYS PRIOR TO THE BID/ OFFER OPENING DATE AND SUCH ADVERTISEMENT SHALL BE MADE AVAILABLE TO THE BSE LIMITED (THE "BSE") AND THE NATIONAL STOCK EXCHANGE OF INDIA LIMITED (THE "NSE", AND TOGETHER WITH THE BSE, THE "STOCK EXCHANGES") FOR THE PURPOSE OF UPLOADING ON THEIR RESPECTIVE WEBSITES, IN ACCORDANCE WITH THE SEBI ICDR REGULATIONS.**

In case of any revision in the Price Band, the Bid/ Offer Period will be extended by at least three additional Working Days after such revision in the Price Band, subject to the Bid/ Offer Period not exceeding 10 Working Days. In cases of *force majeure*, banking strike or similar unforeseen circumstances, our Company may, for reasons to be recorded in writing, extend the Bid/ Offer Period for a minimum of one Working Day, subject to the Bid/ Offer Period not exceeding 10 Working Days. Any revision in the Price Band and the revised Bid/ Offer Period, if applicable, shall be widely disseminated by notification to the Stock Exchanges, by issuing a press release, and also by indicating the change on the website of the BRLMs and at the terminals of the members of the Syndicate and by intimation to Designated Intermediaries and the Sponsor Bank, as applicable.

The Offer is being made in terms of Rule 19(2)(b) of the Securities Contracts (Regulation) Rules, 1957 (**"SCRR"**), read with Regulation 31 of the SEBI ICDR Regulations. The Offer is being made in accordance with Regulation 6(1) of the SEBI ICDR Regulations, through the Book Building Process wherein not more than 50% of the Offer shall be available for allocation on a proportionate basis to Qualified Institutional Buyers (**"QIBs"** and such portion referred to as **"QIB Portion"**), provided that our Company, in consultation with the BRLMs may allocate up to 60% of the QIB Portion to Anchor Investors on a discretionary basis in accordance with the SEBI ICDR Regulations (**"Anchor Investor Portion"**), of which 40% shall be reserved in the following manner (i) 33.33% of the Anchor Investor Portion shall be reserved for domestic Mutual Funds; and (ii) 6.67% of the Anchor Investor Portion shall be reserved for Life Insurance Companies and Pension Funds, subject to valid Bids being received from domestic Mutual Funds, Life Insurance Companies and Pension Funds, as applicable, at or above the price at which allocation is made to Anchor Investors (**"Anchor Investor Allocation Price"**). Any under-subscription in the Life Insurance Companies and Pension Funds category specified in (ii) above may be allocated to domestic Mutual Funds, in accordance with the SEBI ICDR Regulations. In the event of under-subscription or non-allocation in the Anchor Investor Portion, the balance Equity Shares shall be added to the Net QIB Portion. Further, 5% of the Net QIB Portion shall be available for allocation on a proportionate basis to Mutual Funds only, and the remainder of the Net QIB Portion shall be available for allocation on a proportionate basis to all QIB Bidders (other than Anchor Investors), including Mutual Funds, subject to valid Bids being received at or above the Offer Price. However, if the aggregate demand from Mutual Funds is less than 5% of the Net QIB Portion, the balance Equity Shares available for allocation in the Mutual Fund Portion will be added to the remaining Net QIB Portion for proportionate allocation to all QIBs. Further, not less than 15% of the Offer shall be available for allocation on a proportionate basis to Non-Institutional Bidders out of which (a) one-third of such portion shall be reserved for applicants with application size of more than ₹0.2 million and up to ₹1.00 million; and (b) two-third of such portion shall be reserved for applicants with application size of more than ₹1.00 million, provided that the unsubscribed portion in either of such sub-categories may be allocated to applicants in the other sub-category of Non-Institutional Bidders and not less than 35% of the Offer shall be available for allocation to Retail Individual Investors in accordance with the SEBI ICDR Regulations, subject to valid Bids being received at or above the Offer Price. All potential Bidders (except Anchor Investors) are required to mandatorily use the Application Supported by Blocked Amount (**"ASBA"**) process providing details of their respective ASBA accounts, and UPI ID in case of UPI Bidders, if applicable, in which the corresponding Bid Amounts will be blocked by the SCSBs or by the Sponsor Bank(s) under the UPI Mechanism, as applicable, to the extent of the respective Bid Amounts. Anchor Investors are not permitted to participate in the Offer through the ASBA process. For further details, see ***"Offer Procedure"*** beginning on page 516 of the DRHP.

This public announcement is being made in compliance with the provisions of Regulation 26(2) of the SEBI ICDR Regulations to inform the public that our Company is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to undertake an initial public offering of its Equity Shares pursuant to the Offer and has filed the DRHP dated March 30, 2026, with the Securities and Exchange Board of India ("**SEBI**") and with the Stock Exchanges. Pursuant to Regulation 26(1) of the SEBI ICDR Regulations, the DRHP along with the Draft Abridged Prospectus filed with SEBI and the Stock Exchanges has been made available to the public for comments, if any, for a period of at least 21 days from the date of publication of this public announcement in accordance with Regulation 26(2) of the SEBI ICDR Regulations. The DRHP along with the Draft Abridged Prospectus has been filed by hosting it on the website of SEBI at www.sebi.gov.in, websites of the Stock Exchanges at, www.bseindia.com and www.nseindia.com, on the website of the Company at www.cosmicpvpower.com; and on the websites of the Book Running Lead Managers ("**BRLMs**"), i.e. Systematix Corporate Services Limited and Valmiki Leela Capital Private Limited at www.systematixgroup.in and www.valmikileela.com, respectively. Our Company invites the public to give their comments on the DRHP filed with SEBI and the Stock Exchanges, with respect to disclosures made in the DRHP. The public is requested to send a copy of the comments to SEBI, to the Company Secretary and Compliance Officer of our Company and/or the BRLMs at their respective addresses mentioned herein. All comments must be received by SEBI and/or our Company and/or the Company Secretary and Compliance Officer of our Company and/or the BRLMs in relation to the Offer on or before 5.00 p.m. on the 21st day from the date of publication of this public announcement.

Investments in equity and equity-related securities involve a degree of risk and Bidders should not invest any funds in the Offer unless they can afford to take the risk of losing their entire investment. Investors are advised to read the risk factors carefully before taking an investment decision in the Offer. For taking an investment decision, investors must rely on their own examination of our Company and the Offer, including the risks involved. The Equity Shares in the Offer have not been recommended or approved by SEBI, nor does SEBI guarantee the accuracy or adequacy of the contents of the Draft Red Herring Prospectus. Specific attention of the investors is invited to ***"Risk Factors"*** beginning on page 25 of the DRHP.

Any decision to invest in the Equity Shares described in the DRHP may only be taken after the Red Herring Prospectus ("**RHP**") has been filed with the RoC and must be made solely on the basis of such RHP as there may be material changes in the RHP from the DRHP. The Equity Shares, when issued through the RHP, are proposed to be listed on the Stock Exchanges.

For details of the share capital and capital structure and the names of the signatories to the Memorandum of Association and the number of shares subscribed by them of our Company, please see the section titled ***"Capital Structure"*** on page 95 of the DRHP. The liability of the members of our Company is limited by their shares. For details of the main objects of our Company as contained in the Memorandum of Association, please see the section titled ***"History and Certain Corporate Matters"*** on page 324 of the DRHP.

| BOOK RUNNING LEAD MANAGERS | | REGISTRAR TO THE OFFER |
|---|---|---|
| SYSTEMATIX GROUP Investments Re-defined | VALMIKI LEELA Investment Banker | KFINTECH |
| **Systematix Corporate Services Limited**<br>The Capital, A- Wing, 6th Floor, No. 603-606, Plot No. C-70, G Block, Bandra Kurla Complex, Bandra East, Mumbai- 400 051, Maharashtra, India<br>**Telephone:** +91 22 6704 8000<br>**E-mail:** cosmic.ipo@systematixgroup.in<br>**Website:** www.systematixgroup.in<br>**Investor grievance e-mail:** investor@systematixgroup.in<br>**Contact Person:** Kuldeep Singh/ Sagar Purandare<br>**SEBI Registration Number:** INM000004224 | **Valmiki Leela Capital Private Limited**#<br>401-402, Shilp Satved, B/s. Sindhu Bhavan, Sindhu Bhavan Road, Bodakdev, Ahmedabad – 380 054, Gujarat, India<br>**Telephone:** +91 79 6509 0100<br>**E-mail:** cosmic.ipo@valmikileela.com<br>**Website:** www.valmikileela.com<br>**Investor grievance e-mail:** ig@valmikileela.com<br>**Contact Person:** Khush Joshipura/Ranu Sharma<br>**SEBI Registration Number:** INM000013341 | **KFin Technologies Limited**<br>301, The Centrium, 3rd Floor, Lal Bahadur Shastri, Nav Pada, Kurla West, Mumbai- 400 070, Maharashtra<br>**Telephone:** +91 2249620337<br>**E-mail:** cosmicpvpower.ipo@kfintech.com<br>**Website:** www.kfintech.com<br>**Investor grievance e-mail:** einward.ris@kfintech.com<br>**Contact Person:** M. Murali Krishna<br>**SEBI Registration Number:** INR000000221 |

# *Valmiki Leela Capital Private Limited (**"Valmiki Leela"**), is an associate of our Investor Selling Shareholder, namely Chanakya Opportunities Fund I (as defined under Regulation 21A of the SEBI Merchant Bankers Regulations and Regulation 23(3) of the SEBI ICDR Regulations). Accordingly, Valmiki Leela will be involved only in the marketing activities in connection with the Offer. Valmiki Leela has signed the due diligence certificate and has been disclosed as a BRLM.*

*All capitalized terms used herein and not specifically defined shall have the same meaning as ascribed to them in the DRHP.*

For **COSMIC PV POWER LIMITED**
On behalf of the Board of Directors
Sd/-
**Masarm Shrikanth**
Company Secretary and Compliance Officer

**Place:** Surat, Gujarat
**Date:** March 31, 2026

**DISCLAIMER: COSMIC PV POWER LIMITED** is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to undertake an initial public offering of its Equity Shares and has filed the DRHP dated March 30, 2026 with SEBI and the Stock Exchanges. The DRHP along with the Draft Abridged Prospectus is available on the website of SEBI at www.sebi.gov.in, as well as on the websites of the Stock Exchanges i.e. BSE and NSE at www.bseindia.com and www.nseindia.com, respectively, on the website of the Company at www.cosmicpvpower.com; and on the websites of the Book Running Lead Managers ("**BRLMs**"), i.e. Systematix Corporate Services Limited and Valmiki Leela Capital Private Limited at www.systematixgroup.in and www.valmikileela.com, respectively. Any potential Bidders should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, see ***"Risk Factors"*** on page 25 of the DRHP and the details set out in the RHP, when filed. Potential Bidders should not rely on the DRHP filed with SEBI and the Stock Exchanges for making any investment decision and should instead rely on the RHP, when filed, for making investment decision.

This announcement is not an offer of securities for sale in the United States or elsewhere. This announcement has been prepared for publication in India only and is not for publication or distribution, directly or indirectly, in or into the United States. The Equity Shares offered in the Offer have not been and will not be registered under the United States Securities Act of 1933, as amended (the **"U.S. Securities Act"**) or any state securities laws of the United States, and may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable state securities laws in the United States. Accordingly, the Equity Shares are being offered and sold offered and sold (a) in the United States only to a person reasonably believed to be"qualified institutional buyers" (as defined in Rule 144A under the U.S. Securities Act) pursuant to the private placement exemption set out in Section 4(a) of the U.S. Securities Act, and (b) outside the United States in "offshore transactions" as defined in and in reliance of Regulation S under the U.S. Securities Act and the applicable laws of the jurisdiction where those offers and sales are made.

Adfactors 877/26